# આજે મહાત્મા મંદિર ખાતેથી નરેન્દ્રભાઈ મોદી "ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨"નો દેશવ્યાપી શુભારંભ કરાવશે

### અત્યાધુનિક ડિજિટલ સેવાઓને દેશના નાગરિકોને આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવવા માટે કેન્દ્ર સરકારનું વધુ એક નક્કર કદમ : ૨૦૦થી વધુ સ્ટોલ સાથેના ડિજિટલ મેળામાં રોજિંદી જીવનશૈલીને સરળ બનાવતા વિવિધ ડિજિટલ સોલ્યુશન્સનું પ્રદર્શન

ગાંધીનગર, તા.૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'કેટાલાઈઝીંગ ન્યૂ ઈન્ડિયાઝ ટેકેડ' થીમ પર આધારિત 'ડિજિટલ ઈન્ડિયા વીક ૨૦૨૨'નો આજ તા. ૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી દેશવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવશે. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રીના હસ્તે ટેકનોલૉજીના માધ્યમ દ્વારા જનસુખાકારીના લાભો નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે અનેકવિધ નવીન ડિજિટલ પહેલ દેશવાસીઓ માટે ખુલ્લી મુકશે.

આ કાર્યક્રમમાં વિવિધ ડિજિટલ પહેલ જેવી કે 'ઈન્ડિયાસ્ટેક ગ્લોબલ', 'માય સ્કીમ', 'મેરી પહેચાન', 'ડિજિટલ ઈન્ડિયા ભાષિની', 'ડિજિટલ ઈન્ડિયા જેનિસિસ', 'ચીપ્સ ટુ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ' તથા 'કેટાલાઈઝીંગ ન્યૂ ઈન્ડિયાઝ ટેકેડની ઈ-બુક'નો વડાપ્રધાનશ્રીના હસ્તે શુભારંભ કરવામાં આવશે.

ડિજિટલ ઈન્ડિયા વીક-૨૦૨૨ની ઉજવણી અંતર્ગત મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે તા. ૪થી ૬ જુલાઈ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ડિજિટલ ઈન્ડિયાની વર્ષગાંઠની ઉજવણી કરાશે તથા આધાર, યુપીઆઈ, કૉ-વિન, ડિજિલૉકર જેવા જાહેર ડિજિટલ પ્લેટફોર્મ મારફત નાગરિકોને સરળતાથી સેવા મળી રહે તે અંગેની જાણકારી આપતું પ્રદર્શન યોજાશે. આ ઉપરાંત ટેકનોલૉજીના વિવિધ પ્લેટફોર્મ થકી ભારતવાસીઓને મળતી સુવિધાઓના લાભો અંગેનું તકનીકી કૌશલ્યનું પ્રદર્શન વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરાશે. તેમજ આવનારી પેઢી માટે ડિજિટલ માધ્યમ થકી રોજગારીની કેવી તકોનું નિર્માણ થઈ શકે તે માટે પણ ચર્ચા થશે. આ ઉપરાંત સ્ટાર્ટઅપ, સરકાર, ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓની જનભાગીદારી થકી ૨૦૦થી વધુ સ્ટોલ સાથેનો ડિજિટલ મેળો યોજાશે, જેમાં રોજિંદી જીવનશૈલીને સરળ બનાવતા વિવિધ ડિજિટલ સોલ્યુશન્સ અંગેનું પ્રદર્શન કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અગ્નિવીર સ્કીમમાં તમે માનતા હોય તો... સ્કીમ મુજબ તમારી દિકરી સાથે લગ્ન મંજુર છે....



મહેસાણા જીલ્લા પંચાયત કર્મચારી બેંક માપૂર્વ ચેરમેન કિરીટસિંહ ચાવડા સમર્થીત પરીવાર પેનલનો ભવ્ય વિજય ૧૭ માંથી ૧૨ બેઠકો ઉપર પરીવાર પેનલ ના ઉમેદવારો વિજયી ગુજરાત રાજ્ય તલાટી મંડળના પ્રમુખ પંકજભાઈ મોદી નિવૃત તલાટી આગેવાન બળદેવભાઈ દેસાઈ, ડી કે ચાવડા, શકરાજી ઠાકોર, મહેન્દ્રસિહ વિહોલના સાથ સહકારથી પરિવાર પેનલ નો વિજય થયો સામેની પરીવર્તન પેનલ ના પાંચ ઉમેદવાર વિજયી થયા

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૫૬ કેસ નોંધાયા

### રાજ્યનો રિકવરી રેટ ૯૮.૮૩ ટકા : સૌથી વધુ કેસ ૨૦૩ અમદાવાદ શહેરમાં સામે આવ્યા

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં શનિવાર કરતા રવિવારે કોરોના સંક્રમણના નવા કેસમાં ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૫૬ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન એકપણ મોત થયું નથી. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૬ લોકો સાજા થયા છે. નવા કેસ બાદ ગુજરાતમાં કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧૨ લાખ ૩૩ હજાર ૬૯૮ થઈ ગયા છે. તો કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૭ લોકોના મોત થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ ૨૦૩ અમદાવાદ શહેરમાં સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૮૬, વડોદરા શહેરમાં ૩૮, ભાવનગર શહેરમાં ૧૩, કચ્છમાં ૧૩, મહેસાણામાં ૧૩, નવસારીમાં ૧૩, વલસાડમાં ૧૨, સુરત ગ્રામ્ય ૧૧, ગાંધીનગર શહેર ૧૦, પાટણ ૫, અમદાવાદ ગ્રામ્ય ૪, ભરૂચ, આણંદ અને ગાંધીનગર ગ્રામ્યમાં ચાર-ચાર, દ્વારકામાં ૩, પોરબંદરમાં ત્રણ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૫૪૮ છે, જેમાં ત્રણ દર્દી વેન્ટીલેટર પર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧૨ લાખ ૧૯ હજાર ૨૦૩ લોકો સાજા થયા છે. તો કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૭ લોકોના મોત થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૮૩ ટકા છે.

## સુરેન્દ્રનગરથી પીપાવાવ જતી માલગાડી પાટા પરથી ઉતરી પડી

સુરેન્દ્રનગર, તા.૩

સુરેન્દ્રનગરથી પીપાવાવ જતી માલગાડી પાટા પરથી ઉતરી જતા ટ્રેન વ્યવહાર ખોરવાઇ ગયો છે. સાવરકુંડલાના ગાધકડા નજીક ટ્રેનનો ડબ્બો ખડી પડ્યો. ટ્રેન પાટા પરથી ઉતરી જતા ટ્રેન વ્યવહાર ખોરવાઇ જતા ભારે મુશ્કેલી સર્જાઇ હતી.

ટ્રેનનો વચ્ચેનો એક ડબ્બો પાટા પરથી ઉતરતા રેલ વિભાગ દોડતું થઇ ગયું હતું. જો કે, આ ઘટનાની જાણ થતા ભાવનગર રેલવેના અધિકારીઓ ઘટનાસ્થળે રવાના થઇ ગયા હતા.

જો કે, આ ઘટનામાં કોઇ પણ જાનહાનિ થયાનું સામે નથી આવ્યું. પરંતુ આ ઘટના શા કારણોસર બની તેને લઇને હાલમાં તપાસ ચાલી રહી છે.

## બોરસદ પંથકમાં ફરીવાર ધોધમાર વરસાદની શરુઆત

આણંદ, તા.૩

બોરસદમાં ગત ૩૦મીએ ખબકેલા મુશળધાર વરસાદને લઈને તાલુકાના સિસવા ,ભાદરણ તેમજ કઠોલ ગામમા વરસાદી પાણી ભરાયા હતા જેને લઈ જન જીવન પ્રભાવિત થયું હતું. બોરસદ તાલુકાના કેટલાક ગામોમાં વરસાદી પાણી ત્રાટકતા મોટા પાયે નુકસાન થયું છે જ્યારે ૯૦ જેટલા પશુઓના પણ મોત નિપજ્યા છે. આ તબાહી બાદ હાલ સિસવા ગામમાં વરસાદી પાણી ઓસર્યા છે અને જન જીવન પુનઃ ધબકતું થયું છે અને ગામમાં દવાનો છટકાવ સાથે મેડિકલની ટિમો કામે લાગી છે. સિસવામાં મામલતદાર પ્રાંત અધિકારી અને અન્ય ટિમો કર્યરત છે. તો બીજી તરફ કઠોલ ગામના લોકોએ કાંસ સફાઈ સાથે ગામના મુખ્ય પ્રવેશ માર્ગને ઊંચો કરવાની પણ માંગ કરી છે.તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિને લઈને બોરસદ શહેરનો વનતળાવ વિસ્તાર, ભાદરણ ગામ તેમજ સૌથી વધુ સિસવા ગામ પ્રભાવિત થયા હતા. સિસવા ગામમાં કેડ સમાં પાણી ભરાતા જનજીવન પર ગંભીર અસર સર્જાઈ હતી. ૩૮૦ લોકો પ્રભાવિત થતા તેમને સલામત સ્થળે સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું આ સાથે વરસાદી પાણીથી લોકોની ઘરવખરી સાથે પશુ ધનને પણ વ્યાપક નુકસાન થયું હતું. સર્વત્ર જળબંબાકાર સર્જાતા ખેડૂતોના ખેતરો પણ પાણીમાં ગરકાવ થયા હતા જેને લઈ ખેતી પાકો નષ્ટ થવા પામ્યા છે.

# સરીતા ઉદ્યાન પાસે બ્રેઝા કારે બુલેટને ટક્કર મારતા ત્રણને ઈજા

ગાંધીનગર, તા.૩

શહેરના જ માર્ગ પર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી કાર ચાલકે બુલેટને ટક્કર મારતા દંપતિ અને નાના બાળકને ઈજા પહોંચી હતી.જયારે અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો.જયારે બુલેટ ચાલકે કારના નંબરના આધારે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના છાલા ગામના વતની અને હાલ સેકટર-૬ બી નમન સોસાયટી પ્લોટ નં.૫૫૩-૨ ખાતે રહેતા ધવલ મનોજભાઈ બારોટ પરિવાર સાથે રહે છે અને સરગાસણ ડીવાઈન હોસ્પિટલ ખાતે સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવે છે.

ધવલ બારોટ પત્ની અને બાળક સાથે બુલેટ નં.જી.જે.૧૮.ડી.જી.૦૮૫૯ લઈને છાલા ગામ તરફ જવા માટે નીકળ્યા હતા. સેકટર-૧ ના તળાવથી જ માર્ગ પર થઈને અક્ષરધામ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સાંજના સવા પાંચ વાગ્યાના અરસામાં સરીતા ઉદ્યાનના કટ પાસે ફોર વ્હીલ કારના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બુલેટને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો.

જેમાં ધવલભાઈ તેમના પત્ની અને દિકરો ત્રણેય નીચે પડી ગયા હતા. ધવલભાઈને ડાબા પગે અને દિકરા - પત્નીને પણ શરીરે ઈજાઓ થઈ હતી.

જયારે ધવલભાઈએ જોતા અકસ્માત કરનાર બ્રેઝા ગાડીનો નંબર જી.જે. ૨૪. એ. એમ.-૫૩૭૬ હતો. ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે ધવલ બારોટે ફરીયાદ નોંધાવતા કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરમાં હજુ માંડ એકાદ બે વરસાદી ઝાંપટા પડ્યા છે ત્યાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યા સર્જાઈ છે. નિચાણવાળા વિસ્તારમાં સમાવેશ પામેલ સેક્ટર-૨૪ શાકમાર્કેટ પાસે વરસાદી પાણી ભરાઈ ગયુ છે. અહીં પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી પાણીના ખાબોચિયા સર્જાયા છે.



શહેરને સ્માર્ટ સીટી બનાવવાની દોડમાં વિકાસકાર્યો ખૂબ તેજીથી થઈ રહ્યા છે. પરંતુ વિકાસકાર્યો માટે ખોદેલા ખાડાઓ પુરવાનુ તંત્ર કે એજન્સીને યાદ આવતુ નથી. ચ-૩ સર્કલ પાસે મસ મોટો ખાડો જોવા મળે છે. વધુ વરસાદ પડે ત્યારે તેમાં વરસાદી પાણી ભરાઈ રહેવાની પુરેપુરી શક્યતાઓ છે.

# પોળોના જંગલમાં મુસાફરો હવે પોતાના વાહનો નહિ ચલાવી શકે

### પોળોના જંગલમાં દોડશે માત્ર ઈ-રીક્ષા

સાબરકાંઠા, તા.૩

અમદાવાદ માટે સૌથી નજીકનુ હોટ ફેવરિટ ફરવાનુ સ્થળ એટલે પોળોનુ જંગલ. રવિવાર પડ્યે અમદાવાદની અડધી પ્રજા અહી આવી જાય છે. તેમાં પણ ચોમાસામાં પોળાનો જંગલનો નજારો કાશ્મીર જેવો બની જાય છે. ત્યારે મિની કાશ્મીર ગણાતા આ પિકનિક સ્પોટ પર તંત્ર દ્વારા વધુ એક નિર્ણય લેવાયો છે. મિની કાશ્મીરને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે હવે પોળો ફોરેસ્ટમાં ઈ-રીક્ષા દોડાવવાનું નક્કી કરાયુ છે.

ગઈકાલે પોળોના જંગલમાં એક સાથે ૧૫ ઈ-રીક્ષાઓને લીલી ઝંડી અપાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી સહિત જિલ્લા પંચાયત પ્રમુખ આ પ્રસંગે હાજર રહ્યા હતા. મિની કાશ્મીરમાં પ્રદૂષણ મુક્ત બનાવવાના વિશેષ પ્રયાસ હેઠળ હવે જંગલમાં ઈ-રીક્ષા દોડાવવાનું નક્કી કરાયુ છે. આનાથી જંગલના વાતાવરણમાં પ્રદૂષણ નહિ આવે. સાથે જ સ્થાનિક લોકોને રોજગારી પણ મળશે. આ સુવિધાથી હવે પોળોના જંગલમાં આવતા સહેલાણીઓને વધુ સુવિધા મળશે.

ઉત્તર ગુજરાતનું પ્રી-વેડિંગ ફોટોશૂટ માટેનુ ફેવરિટ સ્થળ એટલે પોળોનું જંગલ. આ સ્થળ કુદરતના ખજાના જેવુ છે. તેથી અહીંના કુદરતી સૌંદર્યથી લઈને ઐતિહાસિક સ્મારકોની જાળવણી પણ થવી જરૂરી છે. તેથી જ સ્થાનિક તંત્ર દ્વારા પ્રદૂષણ રોકવા માટે ઈ-રીક્ષા દોડાવાનુ નક્કી કરાયુ છે.

વિજયનગરના પોળોના જંગલમાં ટુ વ્હીલર સિવાય ભારે વાહનો અને પ્લાસ્ટિક પર પણ પ્રતિબંધ મૂકાયો છે. પોળો જંગલમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકાયો છે. ૭ ઓગસ્ટ સુધી જંગલમાં પ્લાસ્ટિકના વપરાશ પર પ્રતિબંધ રહેશે. જિલ્લા કલેક્ટર હિતેશ કોયાએ ભારે વાહનો પર પ્રતિબંધ લગાવ્યો છે. ૧૬ ઓગસ્ટ સુધી ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. જાહેરનામાનો કલમ ૧૮૮ મુજબ ભંગ કરનાર સામે કાર્યવાહી કરાશે.

# હવે ગુજરાતમાં ભણાવાશે હિન્દુત્વના પાઠ : શરૂ થયો કોર્સ

### ધરોહર સેન્ટર ફોર ઇન્ડિયન નોલેજ સિસ્ટમ દ્વારા શરૂઆત

અમદાવાદ, તા.૩

રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ધ્યાને લઈને જીટીયુ સંચાલિત ધરોહર સેન્ટર ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ દ્વારા આગામી ઑગસ્ટ માસથી ૨ વર્ષ માટેનો અનુસ્નાતક કોર્સ એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ શરૂ કરાશે. ટેક્નોલોજી, ઈનોવેશન, સ્ટાર્ટઅપ, સામાજીક દાયિત્વ, આપણી પૌરાણીક વેદ પ્રણાલી અને ભારતીય સંસ્કૃતિથી પણ વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે હેતુથી જીટીયુ દ્વારા સમયાંતરે વિવિધ કોર્સ અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં હવે વધુ એક કોર્સ એટલે કે, એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ શરૂ થવા જઈ રહ્યો છે.

એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ કોર્સ ેંમાં શરૂ કરવા અંગે વાત કરતા જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી આપણી

**આગામી ઓગસ્ટ માસથી ૨ વર્ષ માટેનો અનુસ્નાતક કોર્સ એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ શરૂ કરાશે**

પરંપરા અને સંસ્કૃતિથી અવગત થાય અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પરીપ્રેક્ષમાં જીટીયુ દ્વારા આ કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ કોર્સ શરૂ કરનાર જીટીયુ સમગ્ર દેશની ચોથી યુનિવર્સિટી છે. આ કોર્સ અંગે ધરોહર સેન્ટરના ઓએસડી ડૉ. શ્રૃતિ આણેરાવે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૧ થી ધરોહર સેન્ટર ભારતીય જ્ઞાન પરંપરાનાં અભ્યાસક્રમોની અત્યાર સુધી ૨૦ થી વધુ કોર્સીસની બે બેચ પૂર્ણ કરી ચૂક્યું છે. દેશ - વિદેશોમાંથી વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ તમામ અભ્યાસક્રમોમાં સાંપડ્યો છે. હવે આગામી ઑગસ્ટ માસથી જીટીયુ ધરોહર સેન્ટર અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા જઈ રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિને લક્ષ્યમાં રાખીને એમ.એ ઈન. હિન્દુ સ્ટડીઝ વિષયમાં ૧૦ સીટો પર પ્રવેશ પ્રક્રિયા આગામી ૧૫ જુલાઈથી શરૂ થશે.

# ગુજરાતમાં ભારેથી અતિભારે તોફાની વરસાદની આગાહી

### NDRFની ટીમોને સૌરાષ્ટ્ર સહિતના ભાગોમાં મોકલાઈ : હવામાન વિભાગે પોરબંદર, ભાવનગર, જૂનાગઢ, જામનગર, વલસાડ, નવસારીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી

રાજકોટ, તા.૩

આખા ગુજરાતમાં ચોમાસું એક્ટિવ થઈ ગયું છે આ સાથે સૌરાષ્ટ્ર તથા ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં સુરત, તાપી, નવસારી, દમણ તથા બનાસકાંઠામાં તોફાની વરસાદની આગાહી છે. જ્યારે આ સિવાય આગામી અઠવાડિયાની શરુઆતમાં પણ ભારે વરસાદ રહેવાની આગાહી છે. અંબાલાલ પટેલે આગામી દિવસોમાં રાજ્યમાં અતિભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમણે ભારે વરસાદની સાથે નદી-નાળા છલકાશે તેમ પણ જણાવ્યું છે. ઉપરવાસમાં થનારા ભારે વરસાદના લીધે નર્મદા અને તાપી નદીનું જળસ્તર વધશે તેમ તેઓ જણાવી રહ્યા છે. હવામાન વિભાગે પોરબંદર, ભાવનગર, જૂનાગઢ, જામનગર, વલસાડ, નવસારીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ આગાહીને ધ્યાનમાં રાખીને દ્રહ્ઇહ્નની ટીમોને રાજ્યમાં ઉતારવામાં આવી છે. જેમાં રાજ્યના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ટીમો મોકલવામાં આવી છે. NDRFની ૧૦ ટીકડીઓને હાલ ગુજરાત અને રાજસ્થાનમાં વરસાદની આગાહીને જોતા ઉતારવામાં આવી છે, જેમાંથી વડોરાથી ૫ ટીમોને અલગ-અલગ જગ્યાઓ પર રવાના કરવામાં આવી છે, ત્રણ ટીમો રાજકોટ જ્યારે એક ટીમ સુરત મોકલવામાં આવી છે. આ સિવાય એક ટીમને બનાસકાંઠા મોકલવામાં આવી છે.

આ પહેલાથી ગીર સોમનાથ, નવસારી અને આણંદમાં એક-એક ટીમ રવાના કરવામાં આવી હતી. ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતમાં સ્થાનિકોને મદદરૂપ થઈ શકે તે માટે આ ટીમોને અત્યાધુનિક સાધનો સાથે ડિપ્લોટ કરવામાં આવી છે. આ ટીમોને અલગ-અલગ જગ્યા પર મૂકવામાં આવી છે. હવામાનની ખાનગી વેબસાઈટ વિન્ડીની આગાહી પ્રમાણે અમદાવાદ શહેર સહિત રાજ્યના મધ્યભાગમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

# પાવાગઢમાં ભક્તોનું જાણે કીડિયારું ઉભરાયું

બનાસકાંઠા, તા.૩

યાત્રાધામ પાવાગઢ ખાતે આજ રોજ રવિવારે મહાકાળી માતાજીના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. યાત્રાધામ પાવાગઢની તળેટીમાં આવેલ ચાંપાનેરથી લઇ ડુંગર પર માતાજીના મંદિર સુધી માનવ કીડિયારું ઊભરાયેલું જોવા મળ્યું હતું.

જેમાં રવિવારે વહેલી સવારથી જ માઈભક્તોએ મહાકાળી માતાજીના ચરણોમાં શિશ ઝૂકાવી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ૫૦૦ વર્ષ બાદ મહાકાળી માતાજીના મંદિરના શિખર પર લહેરાતી ધજા ને જોઈને મહાકાળી માતાજીના ભક્તો ખુશ થઈ ધન્ય થયા હતા. સાથે સાથે યાત્રાધામ પાવાગઢનો અદભૂત નજારો સામે આવ્યો હતો.

## શીખવાનું છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કયા કયા સંદેશ આપ્યા તે અંગે જણાવ્યું. રવિશંકર પ્રસાદે જણાવ્યું કે, 'પીએમ મોદીએ ભાજપના કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા. તેમણે આટલા પડકારો પછી પણ સારો કાર્યક્રમ આયોજિત કર્યો. પીએમ મોદીએ કહ્યું કે, હૈદરાબાદ ભાગ્યનગર છે, જે આપણા બધા માટે મહત્વ રાખે છે. સરદાર પટેલે હૈદરાબાદમાં એક ભારતનો પાયો નાખ્યો હતો, જેને તોડવાનો ઘણો પ્રયાસ થયો. હવે, ભાજપના ખભા પર એક ભારતથી શ્રેષ્ઠ ભારત બનવાની યાત્રાને પૂરી કરવાની જવાબદારી છે.'રવિશંકર પ્રસાદે જણાવ્યું કે, 'પીએમ મોદીએ દેશમાં ભાજપના ઝડપથી વિસ્તારનો ઉલ્લેખ કર્યો. તેમણે તેલંગણા, પશ્ચિમ બંગાળ, કેરળ જેવા રાજ્યોમાં બધા પાર્ટી કાર્યકર્તાઓના સાહસના ઘણા ગર્વથી વખાણ કર્યા.' હૈદરાબાદમાં ભાજપની ૨ દિવસની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકમાં પીએમ મોદીએ ઘણી મોટી વાતો કરી તેમણે ઈશારા-ઈશારામાં કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, 'જે પાર્ટીઓએ ભારતમાં લાંબા સમય સુધી શાસન કર્યું, તેના હાલ આપણે જોઈ રહ્યા છીએ. આપણે તેમની મજાક નથી ઉડાવવાની, પરંતુ તેમની ભૂલોમાંથી શીખવાનું છે.'પીએમ મોદીએ કહ્યું કે, 'વંશવાદી રાજનીતિ, વંશવાદી રાજકીય પક્ષોથી દેશ કંટાળી ગયો છે. આવી પાર્ટીઓ માટે લાંબા સમય સુધી ટકવું મુશ્કેલ છે.' તે ઉપરાંત પીએમ મોદીએ કહ્યું કે, 'વિપક્ષી પાર્ટીઓ આપણી લોકશાહી શાખ પર સવાલ ઉઠાવે છે. હું પૂછું છું કે, તેમના સમયમાં લોકશાહીની શું સ્થિતિ હતી.'

## ઓછો વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લામાં સીઝનનો સરેરાશ ૭૬૦ મી.મી. જેટલો વરસાદ થતો હોય છે. આ વખતે જિલ્લામાં ૨૮ મી.મી. જેટલો વરસાદ થયો છે. આખા રાજ્યમાં સૌથી ઓછો છે. ટકાવારીમાં જોઈએ તો જિલ્લામાં સિઝનનો ૩.૭૨ ટકા વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાતમાં નોંધાયેલા વરસાદ પર નજર કરીએ તો કચ્છમાં નોંધાતા સરેરાશ ટકાવારીમાં વરસાદનો ૭.૬૯ ટકા, પાટણમાં ૯.૫૭ ટકા, બનાસકાંઠામાં ૧૫.૫૬ ટકા, મહેસાણામાં ૪.૨૧ ટકા, સાબરકાંઠામાં ૧૦ ટકા, અરવલ્લીમાં ૮.૯૬ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ચોમાસુ મોડુ પડ્યુ હોવાથી ખેડૂતોને ખરીફ વાવણીનો પણ ઉત્સાહ જોવા મળતો નથી. હવે ખેડૂતો પોતાના મહામૂલા પશુધનને બચાવવા ઘાસચારાની વાવણી કરી રહ્યા છે.

જિલ્લામાં ૩જી જુલાઈના સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયેલા આંકડા મુજબ દહેગામમાં અત્યાર સુધીમાં ૧૫ મી.મી., ગાંધીનગરમાં ૧૪ મી.મી., કલોલમાં ૧૭ મી.મી. અને માણસામાં ૬૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

## કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

નિશાન ફરજીયાત છે. કુલમુખત્યારનામાથી દસ્તાવેજ કરતા સમયે કુલમુખત્યારનામું આપનાર હયાત છે તેવા પુરાવા જોડવા ફરજીયાત છે.

અશાંત ધારાની મિલકત વેચાણ માટે દસ્તાવેજ મૂકતા અશાંતધારાની કલેક્ટરની પરવાનગી જરૂરી છે. ગૂડાની, ઔડાની શહેરી વિકાસની મિલકત હોય તો વિકાસ પરવાનગી જોડવી ફરજીયાત છે.

જાહેર ટ્રસ્ટની મિલકત હોય તો ચેરીટી કમિશ્નર અથવા સક્ષમ અધિકારીની વેચાણ પરવાનગી મંજુરી ફરજીયાત જોડવાની રહે છે. મિલકતનાં કોર્ટ કેસ ચાલતો હોય તો તેની સર્ટીફાઈટ નકલો જોડવી ફરજીયાત છે.

દસ્તાવેજ વાળી મિલકતનું ઝોનીંગ સર્ટીફીકેટ જોડવું ફરજીયાત છે તથા દસ્તાવેજ રજુ કર્તાએ સ્ટેમ્પ છ માસમાં ખરીદેલ હોવો જોઈએ. છ માસ પહેલાનાં સ્ટેમ્પ પેપર અમાન્ય ગણાશે. ગેરરીતી અટકાવવા ઉપરની ગાઈડલાઈન પ્રમાણે દસ્તાવેજ પુરાવા નહી જોડવામાં આવે તો દિન-૭માં દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર નોંધણીકર્તાને પરત કરશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in